Seat No. : _______________

# AW-101

**May-2016**

## M.Com., Sem.-II

## 410 EE : Financial Accounting and Auditing – I (New Course)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. (A) ભારતીય હિસાબી ધોરણો એટલે શું ? તેમની ઉપયોગિતા જણાવો. **7**

(B) (1) ભારતીય હિસાબી ધોરણ – 2 અનુસાર ચોખ્ખું ઉપજવાપાત્ર મૂલ્ય સમજાવો. **2**

(2) ભારતીય હિસાબી ધોરણ – 2 અનુસાર ઐતિહાસિક પડતર સમજાવો. **2**

(C) (1) ભારતીય હિસાબી ધોરણ – 2નું શીર્ષક કયું છે ? **1**

(2) ભારતીય હિસાબી ધોરણ – 9નું શીર્ષક કયું છે ? **1**

(3) ભારતીય હિસાબી ધોરણ – 9 કઈ તારીખથી બધા પ્રકારની કંપનીઓ માટે ફરજિયાત લાગુ પડ્યું ? **1**

**અથવા**

1. (A) નાણાં ઉછીના લેવાની પડતર એટલે શું ? નાણાં ઉછીના લેવાની કઈ પડતર મૂડીકૃત થઈ શકે ? **7**

(B) (1) નાણાં ઉછીના લેવાની પડતરને મૂડીકૃત કરવાના આરંભ માટેની શરતો જણાવો. **2**

(2) રૂપાંતર પડતર સમજાવો. **2**

(C) (1) ભારતીય હિસાબી ધોરણ – 12નું શીર્ષક કયું છે ? **1**

(2) ભારતીય હિસાબી ધોરણ – 16નું શીર્ષક કયું છે ? **1**

(3) જો સરકારે આપેલ અનુદાન સહાય સ્વરૂપનું હોય તો તે અનુદાનને કયો અભિગમ લાગુ પડે ? **1**

2. સોડમ લિમિટેડ પોતાનો માલ પાત્રોમાં પૂરો પાડે છે, જે અંગે તે દરેકના ₹ 36 ગ્રાહકો ખાતે ઉધારે છે. જો ગ્રાહકો આ પાત્રો એક મહિનામાં પરત કરે તો તેમને દરેક પાત્રદીઠ ₹ 28 જમા આપવામાં આવે છે. હિસાબના હેતુ માટે વર્ષને અંતે ગ્રાહકો પાસેનો તથા કારખાનામાંનો બધો સ્ટોક દરેકના ₹ 24 લેખે આંકવામાં આવ્યો પરંતુ નવા પાત્રો તેની ખરીદ કિંમત ₹ 26 લેખે ગણવામાં આવ્યા. નુકસાન પામેલા પાત્રો દરેક ₹ 12 લેખે ગણવાના છે. જો પાત્ર નુકસાન પામેલી હાલતમાં પરત કરવામાં આવે તો દરેક પાત્રદીઠ ₹ 14 જમા આપવામાં આવે છે. **14**

તા. 31મી માર્ચ, 2016ના રોજ પૂરા થતા વર્ષ માટે નીચેની માહિતી મળે છે :

<u>તા. 01-04-2015ના રોજ પાત્રોની બાકી</u>

| | |
|---|---|
| પેઢી પાસે | 68,000 નંગ |
| ગ્રાહકો પાસે | 50,000 નંગ |

<u>તા. 31-03-2016ના રોજ પાત્રોની બાકી</u>

| | |
|---|---|
| પેઢી પાસે | 1,04,000 નંગ |
| ગ્રાહકો પાસે | 46,000 નંગ |

<u>વર્ષ 2015-16 દરમ્યાન થયેલા વ્યવહારો</u>

| | |
|---|---|
| ગ્રાહકોને મોકલેલ પાત્રો | 1,05,000 નંગ |
| ગ્રાહકોએ પરત કરેલ પાત્રો (નુકસાનીવાળા 4,000 પાત્રો સહિત) | 34,000 નંગ |
| આગમાં નાશ પામેલ પાત્રો | 2,000 નંગ |
| ભંગારમાં વેચી દીધેલ પાત્રો (₹ 2,000 ઉપજ) | 500 નંગ |

વર્ષ દરમ્યાન કુલ ખરીદી ₹ 28,60,000ની થઈ

પરત થયેલા પાત્રો અંગે થયેલ મરામત ખર્ચ ₹ 26,000

તા. 31-03-2016ના રોજ, જ્યારે સ્ટોકની ગણતરી કરતાં 500 નંગ પાત્રોની ઘટ માલૂમ પડી. પાત્રોનું વેપાર ખાતું અને પાત્રોની જોગવાઈનું ખાતું તૈયાર કરો. જરૂરી ગણતરી દર્શાવો.

**અથવા**

2. રોનક લિમિટેડ પોતાનો માલ પાત્રોમાં પૂરો પાડે છે, જે અંગે તે દરેકના ₹ 36 ગ્રાહકો ખાતે ઉધારે છે. જો ગ્રાહકો આ પાત્રો એક મહિનામાં પરત કરે તો તેમને દરેક પાત્રદીઠ ₹ 28 જમા આપવામાં આવે છે. હિસાબના હેતુ માટે વર્ષને અંતે ગ્રાહકો પાસેનો તથા કારખાનામાંનો બધો સ્ટોક દરેકના ₹ 24 લેખે આંકવામાં આવ્યો પરંતુ નવા પાત્રો તેની ખરીદ કિંમત ₹ 26 લેખે ગણવામાં આવ્યા. નુકસાન પામેલા પાત્રો દરેક ₹ 12 લેખે ગણવાના છે. જો પાત્ર નુકસાન પામેલી હાલતમાં પરત કરવામાં આવે તો દરેક પાત્રદીઠ ₹ 14 જમા આપવામાં આવે છે. **14**

તા. 31મી માર્ચ, 2016ના રોજ પૂરા થતા વર્ષ માટે નીચેની માહિતી મળે છે :

<u>તા. 01-04-2015ના રોજ પાત્રોની બાકી</u>

| | |
|---|---|
| પેઢી પાસે | 68,000 નંગ |
| ગ્રાહકો પાસે | 50,000 નંગ |

<u>તા. 31-03-2016ના રોજ પાત્રોની બાકી</u>

| | |
|---|---|
| પેઢી પાસે | 1,04,000 નંગ |
| ગ્રાહકો પાસે | 46,000 નંગ |

<u>વર્ષ 2015-16 દરમ્યાન થયેલા વ્યવહારો</u>

| | |
|---|---|
| ગ્રાહકોને મોકલેલ પાત્રો | 1,05,000 નંગ |
| ગ્રાહકોએ પરત કરેલ પાત્રો (નુકસાનીવાળા 4,000 પાત્રો સહિત) | 34,000 નંગ |
| આગમાં નાશ પામેલ પાત્રો | 2,000 નંગ |
| ભંગારમાં વેચી દીધેલ પાત્રો (₹ 2,000 ઉપજ) | 500 નંગ |

વર્ષ દરમ્યાન કુલ ખરીદી ₹ 28,60,000ની થઈ

પરત થયેલા પાત્રો અંગે થયેલ મરામત ખર્ચ ₹ 26,000

તા. 31-03-2016ના રોજ, જ્યારે સ્ટોકની ગણતરી કરતાં 500 નંગ પાત્રોની ઘટ માલૂમ પડી.

પાત્રોનું સ્ટોક ખાતું અને પાત્રોનું ઉપલક ખાતું તૈયાર કરો. જરૂરી ગણતરી દર્શાવો.

3. જ્યોતિ લિમિટેડના તા. 31મી માર્ચ, 2016ના રોજ કાચા સરવૈયા અને વધારાની માહિતી પરથી કંપનીધારાની જોગવાઈ અનુસાર યોગ્ય નમૂનામાં વાર્ષિક હિસાબો તૈયાર કરો. **14**

**તા. 31-3-2016ના રોજનું કાચું સરવૈયું** **(₹ હજારમાં)**

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| <u>તા. 1-4-2015ના રોજ સ્ટોક</u> | | |
| કાચો માલ | 1,00,000 | – |
| અર્ધ તૈયાર માલ | 40,000 | – |
| તૈયાર માલ | 2,00,000 | – |
| કાચા માલની ખરીદી | 9,00,000 | – |
| વેચાણ | – | 13,60,000 |
| પગાર અને મજૂરી | 60,000 | – |
| અન્ય ખર્ચા | 2,30,000 | – |
| અન્ય આવકો | – | 22,000 |
| ઘસારો | 7,000 | – |
| કાયમી મિલકતો પડતર કિંમતે | 1,26,000 | – |
| રોકાણો | 1,000 | – |
| લેણું થયેલ વ્યાજ | 2,000 | – |
| પરચૂરણ દેવાદારો | 1,10,000 | – |
| બેંકમાં રોકડ | 16,000 | – |
| હાથ પર રોકડ | 5,000 | – |
| લોન અને ધિરાણ (ટૂંકાગાળાના) | 3,000 | – |
| શેરમૂડી | – | 40,000 |
| વિકાસ વળતર અનામત | – | 4,000 |
| રોકાણ વળતર અનામત | – | 8,000 |
| સામાન્ય અનામત | – | 50,000 |
| તારણવાળી લોન | – | 26,000 |
| જાહેર થાપણો | – | 32,000 |
| ઘસારાની જોગવાઈ | – | 56,000 |
| શકમંદ લેણાની જોગવાઈ | – | 2,000 |
| પરચૂરણ લેણદારો | – | 2,00,000 |
| | **18,00,000** | **18,00,000** |

**વધારાની માહિતી (₹ હજારમાં) :**

(1) તા. 31મી માર્ચ, 2016ના રોજ સ્ટોક નીચે મુજબ હતો :

| | ₹ |
|---|---|
| કાચો માલ | 60,000 |
| અર્ધ તૈયાર માલ | 50,000 |
| તૈયાર માલ | 76,000 |

(2) આવકવેરાના કાયદા મુજબ વર્ષનો માન્ય ઘસારો ₹ 8,000 છે.

(3) રોકાણોની બજારકિંમત ₹ 2,000 છે.

(4) પરચૂરણ દેવાદારોમાં ₹ 5,000 છ માસથી વધુ સમયના છે, જે પૈકી વર્ષ દરમ્યાન ₹ 1,000ની શકમંદ લેણાની જોગવાઈ કરેલ છે.

(5) અન્ય ખર્ચામાં નીચેની વિગતો સમાયેલી છે. :

(a) ઓડિટરની ફીના ₹ 4,000 જે પૈકી અન્ય સેવાના ₹ 1,000.

(b) ₹ 2,000 તારણવાળી લોનનું વ્યાજ અને ₹ 1,000 અન્ય વ્યાજ.

(6) વિકાસ વળતર અનામત ખાતામાંથી ₹ 1,000 પુનઃ ફેરબદલી કરો.

(7) કરપાત્ર આવક પર 40% લેખે આવક વેરાની જોગવાઈ કરો.

(8) કાયદા મુજબ મેનેજીંગ ડિરેક્ટરને વર્ષના વધુમાં વધુ ₹ 1,000ને આધીન રહીને ચોખ્ખા નફા પર 5% લેખે મહેનતાણાની જોગવાઈ કરો.

(9) શેરમૂડી પર 20% લેખે ડિવિડન્ડની જોગવાઈ કર્યા પછીના નફાની રકમ સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવે છે.

(10) કંપનીની સત્તાવાર શેરમૂડી દરેક ₹ 10નો એક એવા 40,00,000 શેરની બનેલી છે.

**અથવા**

3. રોનક લિમિટેડનું તા. 31મી માર્ચ, 2016ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું નીચે મુજબ છે : **14**

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| ડિબેન્ચર વ્યાજ | 1,20,000 | કાચો નફો | 50,00,000 |
| વહીવટી ખર્ચા | 4,80,000 | સરકાર પાસેથી મળેલ સહાય | 4,00,000 |
| ડિરેક્ટર ફી | 80,000 | મળેલ વ્યાજ (ચોખ્ખું) (સ્થળ પર | |
| પગાર | 9,50,000 | કપાયેલ આવકવેરો ₹ 1,00,000) | 3,00,000 |
| બોનસ | 3,20,000 | યંત્ર વેચાણનો નફો | 6,00,000 |
| ઘસારો (₹ 50,000 શરૂના ઘસારા | | (પડતર કિંમત ₹ 9,00,000 અને | |
| સહિત) | 6,50,000 | ઘસારા બાદ કિંમત ₹ 6,00,000) | |
| સમારકામ અને પુનઃ રચના ખર્ચ | 3,00,000 | મળેલ જામીનગીરીનું પ્રીમિયમ | 1,00,000 |
| વૈજ્ઞાનિક સંશોધન ખર્ચ | 2,00,000 | | |
| ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ | 80,000 | | |
| ફર્નીચર વેચાણનું નુકસાન | 1,00,000 | | |
| દાન | 1,00,000 | | |
| ઘાલખાધ અનામત | 1,60,000 | | |
| રોકાણો વેચાણનું નુકસાન | 1,40,000 | | |
| આવકવેરાની જોગવાઈ | 6,00,000 | | |
| ડિબેન્ચર ટ્રસ્ટીઓનું મહેનતાણું | 50,000 | | |
| બેંક લોનનું વ્યાજ | 1,00,000 | | |
| વિકાસ વળતર અનામત | 1,50,000 | | |
| સૂચિત ડિવિડન્ડ | 3,60,000 | | |
| ડિબેન્ચર વટાવ | 60,000 | | |
| કર્મચારીઓને એક્સ-ગ્રેસિયા ચુકવણી | 50,000 | | |
| ચોખ્ખો નફો | 13,50,000 | | |
| | **64,00,000** | | **64,00,000** |

**વધારાની માહિતી :**

(1) કંપનીધારાની કલમ 350 મુજબ મજરે મળવાપાત્ર ઘસારો ₹ 5,00,000 છે.

(2) ઘાલખાધ અનામત સામે માંડી વાળેલ ઘાલખાધ ₹ 60,000 છે.

(3) પગારમાં ₹ 1,40,000 ગયા વર્ષના ચુકવેલનો સમાવેશ થાય છે.

(4) વૈજ્ઞાનિક સંશોધન ખર્ચમાં સાધનોની ખરીદીના ₹ 1,20,000નો સમાવેશ થાય છે.

(5) સમારકામ અને પુનઃ રચના ખર્ચમાં મકાનમાં વધારો કરવાનો ખર્ચ ₹ 1,00,000નો સમાવેશ થાય છે.

(6) વેચેલ ફર્નીચરની ઘસારા બાદ કિંમત ₹ 1,60,000 હતી.

તમારે નીચેનાની ગણતરી કરવાની છે :

(1) કંપનીધારાની કલમ 198 મુજબ વધુમાં વધુ કુલ સંચાલકીય મહેનતાણાની રકમની ગણતરી કરો.

(2) ડિરેક્ટરોને આપી શકાય તેવા મહત્તમ કમિશનની રકમ

   (a) જ્યારે મેનેજિંગ ડિરેક્ટર/મેનેજર/પૂર્ણ સમયના ડિરેક્ટર મદદ કરતા ન હોય ત્યારે

   (b) જ્યારે મેનેજિંગ ડિરેક્ટર/મેનેજર/પૂર્ણ સમયના ડિરેક્ટર મદદ કરતા હોય ત્યારે

4. રવિ મૂળ કિંમત ઉપર 25% નફો ચઢાવી ભાડા ખરીદ પદ્ધતિથી માલનું વેચાણ કરે છે. નીચેની માહિતી પરથી ખૂટતી વિગતો શોધી તૈયાર કરો : **14**

(1) દુકાન સ્ટોકનું ખાતું

(2) લેણા નહીં થયેલ હપ્તાનું ખાતું

(3) લેણા થયેલ પરંતુ નહીં મળેલ હપ્તાનું ખાતું

(4) ભાડા ખરીદ વેપાર ખાતું

| | ₹ |
|---|---|
| <u>તા. 01-04-2015ના રોજની બાકી</u> | |
| દુકાનમાં સ્ટોક (પડતર કિંમતે) | 1,80,000 |
| લેણા થયેલ પરંતુ નહીં મળેલ હપ્તા | 50,000 |
| <u>વર્ષ દરમ્યાન થયેલ વ્યવહારો</u> | |
| ગ્રાહકો પાસેથી મળેલ રોકડ | 6,60,000 |
| વર્ષ દરમ્યાન ખરીદી | 5,40,000 |
| પરત લીધેલ માલ (બાકી હપ્તા ₹ 25,000) | 10,000 |
| <u>તા. 31-03-2016ના રોજની બાકી</u> | |
| દુકાનમાં સ્ટોક (પડતર કિંમતે) | 1,20,000 |
| લેણા થયેલ પરંતુ નહિ મળેલ હપ્તા | 90,000 |
| લેણા નહિ થયેલ હપ્તા | 3,25,000 |

**અથવા**

4. (A) નાણાકીય ભાડાપટો અને કામગીરી ભાડાપટા વચ્ચેનો તફાવત સમજાવો. **7**

(B) ભાડાપટાના પ્રકારો સમજાવો. **7**

5. યોગ્ય વિકલ્પની પસંદગી કરો : **14**

(1) ભારતીય હિસાબી ધોરણ-9 ICAI દ્વારા કયા વર્ષમાં બહાર પાડવામાં આવેલ છે ?
   (a) 1985 (b) 1982
   (c) 1981 (d) 1987

(2) ભારતીય હિસાબી ધોરણ-9 કઈ તારીખથી એકાંકી વેપારી અને ભાગીદારી પેઢી માટે ફરજિયાત લાગુ પડ્યું ?
   (a) 1લી એપ્રિલ, 1992 (b) 1લી એપ્રિલ, 1993
   (c) 1લી એપ્રિલ, 1994 (d) 1લી એપ્રિલ, 1995

(3) ભારતીય હિસાબી ધોરણ-9 મુજબ, નીચેની કઈ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતી આવકને સંપાદિત થયેલી આવક ન ગણી શકાય ?
   (a) માલના વેચાણમાંથી ઉદ્‌ભવતી ઉપજ
   (b) સેવા પૂરી પાડવામાંથી ઉદ્‌ભવતી ઉપજ
   (c) બાંધકામના કરારમાંથી ઉદ્‌ભવતી ઉપજ
   (d) વીમાના કરારમાંથી ઉદ્‌ભવતી ઉપજ

(4) નીચેના પૈકી કયું સરકારી અનુદાન છે ?
   (a) સરકારી સહાય (b) રોકડ પ્રોત્સાહન
   (c) ડ્યુટી ડ્રો બેક (વેરા પરત) (d) ઉપરના બધા જ

(5) જો ગ્રાહકો પાસે શરૂના પાત્રોની બાકી 10,000 નંગ, ગ્રાહકોને મોકલેલ પાત્રો 60,000 નંગ, ગ્રાહકોએ પરત કરેલ પાત્રો 63,000 નંગ અને ગ્રાહકો પાસે આખરના પાત્રોની બાકી, 6,000 નંગ હોય, તો નીચેના પૈકી કયું ગ્રાહકે રાખી લીધેલા પાત્રો ગણાય ?
   (a) 1,000 નંગ (b) 2,000 નંગ
   (c) 3,000 નંગ (d) 4,000 નંગ

(6) જો પેઢી પાસે અને ગ્રાહકો પાસે શરૂના પાત્રોની બાકી 7,000 નંગ, વર્ષ દરમ્યાન ખરીદેલ પાત્રો 14,000 નંગ, ગ્રાહકોએ રાખી લીધેલા પાત્રો 2,000 નંગ, ભંગારમાં કાઢી નાંખેલા પાત્રો 400 નંગ, અકસ્માતમાં નાશ પામેલા પાત્રો 600 નંગ અને ગ્રાહકો પાસે આખરના પાત્રોની બાકી 8,000 નંગ હોય, તો નીચેના પૈકી કયું પેઢી પાસે આખરના પાત્રોની બાકી ગણાય ?
   (a) 10,600 નંગ (b) 10,000 નંગ
   (c) 11,200 નંગ (d) 11,000 નંગ

(7) સંચાલકીય મહેનતાણાની ગણતરી કરતી વખતે નીચેના પૈકી કયો ખર્ચ બાદ મળતો નથી ?
   (a) યંત્ર વેચાણનું નુકસાન (b) ઘસારો
   (c) ઘાલખાધ અનામત (d) ડિરેક્ટર ફી

(8) સંચાલકીય મહેનતાણાની ગણતરી કરતી વખતે નીચેના પૈકી કયો ખર્ચ બાદ મળી શકે ?
   (a) ઘાલખાધ (b) યંત્ર વેચાણનું નુકસાન
   (c) પગાર (d) ઉપરના બધા જ

(9) નીચેના પૈકી કઈ વિગત બિન ચાલુ જવાબદારી છે ?
   (a) લાંબાગાળાના દેવા (b) લેણદારો
   (c) ચઢેલ પરંતુ લેણું નહીં થયેલ વ્યાજ (d) ટૂંકાગાળાની જોગવાઈઓ

(10) જો ભાડા ખરીદકિંમત પર 20% લેખે નફો ચઢાવી ભાડા ખરીદથી માલ વેચવામાં આવતો હોય અને શરૂનો દુકાન સ્ટોક ₹ 20,000 હોય ખરીદી ₹ 1,10,000 હોય અને આખરનો દુકાન સ્ટોક ₹ 30,000 હોય, તો નીચેના પૈકી કયું ભાડા ખરીદથી વેચેલ માલની ભાડા ખરીદ કિંમત ગણાય ?
   (a) ₹ 1,20,000 (b) ₹ 1,25,000
   (c) ₹ 80,000 (d) ₹ 75,000

(11) જો પડતર કિંમત પર 20% લેખે નફો ચઢાવી ભાડા ખરીદથી માલ વેચવામાં આવતો હોય અને ગ્રાહકો પાસે શરૂનો સ્ટોક ₹ 21,000 હોય, ગ્રાહકો પાસે આખર સ્ટોક ₹ 30,000 હોય અને ભાડા ખરીદથી વેચેલ માલની પડતર ₹ 80,000 હોય તો નીચેના પૈકી કયું વર્ષ દરમ્યાન લેણા થયેલા હપ્તા ગણાય ?
   (a) ₹ 71,000 (b) ₹ 79,000
   (c) ₹ 87,000 (d) ₹ 1,05,000

(12) નીચેના પૈકી કઈ ટૂંકાગાળાની જોગવાઈ ગણાય ?
   (a) સૂચિત ઈક્વિટી ડિવિડંડ (b) સૂચિત પ્રેફરન્સ ડિવિડંડ
   (c) કરવેરાની જોગવાઈ (d) ઉપરના બધા જ

(13) નીચેના પૈકી કયું ભાડાપટાનો લાભ નથી ?
   (a) વધુ નિયંત્રણો
   (b) વારંવાર નાણા મેળવવાના ખર્ચમાં બચત
   (c) પૂરા નાણાંની પ્રાપ્તિ
   (d) કરવેરામાં રાહત

(14) જો ભાડા ખરીદથી માલનું વેચાણ પડતર કિંમત પર 50% નફો ચઢાવીને કરવામાં આવતું હોય અને આખરના લેણા નહીં થયેલ હપ્તાની ભાડા ખરીદ કિંમત ₹ 30,000 હોય, તો નીચેના પૈકી કયું આખરના લેણા નહીં થયેલ હપ્તાની પડતર ગણાય ?
   (a) ₹ 10,000 (b) ₹ 20,000
   (c) ₹ 15,000 (d) ઉપરના પૈકી એકપણ નહીં

Seat No. : _______________

# AW-101

**May-2016**

## M.Com., Sem.-II

## 410 EE : Financial Accounting and Auditing – I
## (New Course)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. (A) What are Indian Accounting Standards ? State its utilities. **7**

   (B) (1) Explain Net Realisable Value as per Indian Accounting Standard – 2. **2**

   (2) Explain Historical Cost as per Indian Accounting Standard – 2. **2**

   (C) (1) What is the title of Indian Accounting Standard – 2 ? **1**

   (2) What is the title of Indian Accounting Standard – 9 ? **1**

   (3) From which date Indian Accounting Standard – 9 is came into force mandatory to all types of Companies ? **1**

**OR**

1. (A) What is Borrowing Cost ? Which Borrowing Cost is eligible for Capitalisation ? **7**

   (B) (1) State the conditions for commencement of capitalization of Borrowing Cost. **2**

   (2) Explain Cost of Conversion. **2**

   (C) (1) What is the title of Indian Accounting Standard – 12 ? **1**

   (2) What is the title of Indian Accounting Standard – 16 ? **1**

   (3) Which approach is applicable to the grant if grant given by Government is a nature of subsidy ? **1**

2. Sodam Ltd. sells its product in containers charging them out at ₹ 36 each. Customers are credited by ₹ 28 each, if the containers are returned within one month. For accounting purposes, at closing all stocks with customers and in factory are valued at ₹ 24 each, except those representing new ones, which are valued at their purchase price of ₹ 26 each. Damage Containers are to be valued at ₹ 12 each. In case, the containers are returned in damaged condition, credit is given only at ₹ 14 each. The following information is available for the year ending on 31st March, 2016. **14**

<u>Balance of containers as on 1-4-2015.</u>

| | | |
|---|---|---|
| With firm | Nos. | 68,000 |
| With Customers | Nos. | 50,000 |

<u>Balance of containers as on 31-3-2016.</u>

| | | |
|---|---|---|
| With firm | Nos. | 1,04,000 |
| With Customers | Nos. | 46,000 |

<u>Transactions during the year 2015-16.</u>

| | | |
|---|---|---|
| Containers sent out to Customers | Nos. | 1,05,000 |
| Containers return by customers (including 4,000 Nos. damaged) | Nos. | 34,000 |
| Containers destroyed by fire | Nos. | 2,000 |
| Containers sold as scrap (Realised to ₹ 2,000) | Nos. | 500 |

Purchases during the year totaled to ₹ 28,60,000

Repair expenses paid on containers returned amounted to ₹ 26,000.

On 31st March, 2016, when Stock was taken a shortage of 500 Nos. containers was revealed.

Prepare Containers Trading Account and Containers Provision Accounts. Show necessary calculation.

**OR**

2. Ronak Ltd. sells its product in containers charging them out at ₹ 36 each. Customers are credited by ₹ 28 each, if the containers are returned within one month. For accounting purposes, at closing all stocks with customers and in factory are valued at ₹ 24 each, except those representing new ones, which are valued at their purchase price of ₹ 26 each. Damage Containers are to be valued at ₹ 12 each. In case, the containers are returned in damaged condition, credit is given only at ₹ 14 each. The following information is available for the year ending on 31st March, 2016. **14**

<u>Balance of containers as on 1-4-2015.</u>

| | | |
|---|---|---|
| With firm | Nos. | 68,000 |
| With Customers | Nos. | 50,000 |

<u>Balance of containers as on 31-3-2016.</u>

| | | |
|---|---|---|
| With firm | Nos. | 1,04,000 |
| With Customers | Nos. | 46,000 |

<u>Transactions during the year 2015-16.</u>

| | | |
|---|---|---|
| Containers sent out to Customers | Nos. | 1,05,000 |
| Containers return by customers (including 4,000 Nos. damaged) | Nos. | 34,000 |
| Containers destroyed by fire | Nos. | 2,000 |
| Containers sold as scrap (Realised to ₹ 2,000) | Nos. | 500 |

Purchases during the year totaled to ₹ 28,60,000

Repair expenses paid on containers returned amounted to ₹ 26,000.

On 31st March, 2016, when Stock was taken a shortage of 500 Nos. containers was revealed.

Prepare Containers Stock Account and Containers Suspense Accounts. Show necessary calculation.

3. From the following Trial Balance of Jyoti Ltd. as on 31st March, 2016 and additional information prepare the Final Accounts in proper form, as per provisions of the Companies Act. **14**

**Trial Balance as on 31-3-2016 (₹ in thousands)**

| Particulars | Debit (₹) | Credit (₹) |
|---|---|---|
| Stock as on 1-4-2015 | | |
| Raw Materials | 1,00,000 | – |
| Work in Progress | 40,000 | – |
| Finished Goods | 2,00,000 | – |
| Purchase of Raw Materials | 9,00,000 | – |
| Sales | – | 13,60,000 |
| Salaries and Wages | 60,000 | – |
| Other expenses | 2,30,000 | – |
| Other incomes | – | 22,000 |
| Depreciation | 7,000 | – |
| Fixed assets at cost | 1,26,000 | – |
| Investments | 1,000 | – |
| Interest accrued | 2,000 | – |
| Sundry Debtors | 1,10,000 | – |
| Cash at Bank | 16,000 | – |
| Cash on Hand | 5,000 | – |
| Loans and Advances (short term) | 3,000 | – |
| Share Capital | – | 40,000 |
| Development Rebate Reserve | – | 4,000 |
| Investment Allowance Reserve | – | 8,000 |
| General Reserve | – | 50,000 |
| Secure Loan | – | 26,000 |
| Public Deposit | – | 32,000 |
| Provision for Depreciation | – | 56,000 |
| Provision for doubtful debt | – | 2,000 |
| Sundry Creditors | – | 2,00,000 |
| | **18,00,000** | **18,00,000** |

**Additional Information (₹ in thousands) :**

(1) Stocks as on 31st March, 2016 were as follows :

| | ₹ |
|---|---|
| Raw Materials | 60,000 |
| Work in Progress | 50,000 |
| Finish Goods | 76,000 |

(2) Depreciation allowable under Income Tax Rule for the year is ₹ 8,000.

(3) Market value of investments is ₹ 2,000.

(4) Sundry Debtors includes ₹ 5,000 due for more than six months out of which provision has been made for doubtful debt at ₹ 1,000 during the year.

(5) Other expenses includes the following :

(a) Fees to Auditors ₹ 4,000 out of which ₹ 1,000 are of other services.

(b) Interest on secured loan ₹ 2,000 and other interest ₹ 1,000.

(6) ₹ 1,000 are to be Re-transferred from development rebate reserve account.

(7) Income tax is to be provided at 40% of taxable income.

(8) Provision is to be made for Managing Director remuneration at 5% of net profit as provided under law, subject to a maximum of ₹ 1,000 p.a.

(9) Balance of profit is to be transferred to general reserve after providing for dividend at 20% on share capital.

(10) The authorized capital of the company is consist of 40,00,000 equity shares of ₹ 10 each.

**OR**

3. Following is the Profit and Loss account of Ronak Ltd. for the year ending on 31st March, 2016. **14**

**Profit and Loss Account**

| Particulars | (₹) | Particulars | (₹) |
|---|---|---|---|
| Interest on Debenture | 1,20,000 | Gross Profit | 50,00,000 |
| Administrative Expenses | 4,80,000 | Subsidy Received from Govt. | 4,00,000 |
| Director Fees | 80,000 | Interest Received (Net) (TDS ₹ 1,00,000) | 3,00,000 |
| Salaries | 9,50,000 | | |
| Bonus | 3,20,000 | Profit on Sale of Machinery (Cost Price ₹ 9,00,000 & W.D.V. ₹ 6,00,000) | 6,00,000 |
| Depreciation (including initial depreciation of ₹ 50,000) | 6,50,000 | | |
| Repairs & Renewal Exp. | 3,00,000 | Securities premium received | 1,00,000 |
| Scientific Research Exp. | 2,00,000 | | |
| Debenture Issue Exp. | 80,000 | | |
| Loss on Sale of furniture | 1,00,000 | | |
| Donation | 1,00,000 | | |
| Bad debt reserve | 1,60,000 | | |
| Loss on sale of investment | 1,40,000 | | |
| Provision for income tax | 6,00,000 | | |
| Remuneration to trustees of debentures | 50,000 | | |
| Interest on Bank Loan | 1,00,000 | | |
| Development Rebate Reserve | 1,50,000 | | |
| Proposed Dividend | 3,60,000 | | |
| Discount on debentures | 60,000 | | |
| Ex-gratia payment to Employees | 50,000 | | |
| Net Profit | 13,50,000 | | |
| | **64,00,000** | | **64,00,000** |

**Additional Information :**

(1) Depreciation Allowable as per section 350 of the Companies Act is ₹ 5,00,000.

(2) Bad debt written off against B.D.R. is ₹ 60,000.

(3) Salary includes ₹ 1,40,000 paid for previous year.

(4) Scientific Research Expenses includes purchase of instruments for ₹ 1,20,000.

(5) Repairs & Renewal Expenses includes ₹ 1,00,000 for extension of building.

(6) Depreciated value of furniture sold was ₹ 1,60,000.

You required to calculate the following :

(1) Total maximum amount of Managerial Remuneration as per section 198 of the Companies Act.

(2) The maximum amount of Commission payable to Directors

 (a) When not assisted by Managing Director/Manager/Whole Time Director.

 (b) When assisted by Managing Director/Manager/Whole Time Director.

4. Ravi sells good on Hire-Purchase by adding 25% Profit on cost. **14**

From the following information calculate missing figures and prepare :

(1) Shop stock account

(2) Installment not due account

(3) Installment due but not received account

(4) Hire-Purchase Trading Account

| | ₹ |
|---|---|
| Balance as on 1-4-2015 | |
| Stock in the shop (at cost price) | 1,80,000 |
| Installment due but not received | 50,000 |
| Transaction during the year | |
| Cash received from customers | 6,60,000 |
| Purchases during the year | 5,40,000 |
| Goods repossessed (installments due ₹ 25,000) | 10,000 |
| Balance as on 31-3-2016 | |
| Stock in the shop (at cost price) | 1,20,000 |
| Installments due but not received | 90,000 |
| Installments not due | 3,25,000 |

**OR**

4. (A) Explain the difference between Financial Lease and Operating Lease. **7**

 (B) Explain the types of Lease. **7**

5. Select appropriate alternative. **14**

(1) In which year Indian Accounting Standard-9 is issued by the ICAI ?
(a) 1985 (b) 1982
(c) 1981 (d) 1987

(2) From which date Indian Accounting Standard-9 is came into force mandatory to the Sole Proprietorship and Partnership firm ?
(a) 1st April, 1992 (b) 1st April, 1993
(c) 1st April, 1994 (d) 1st April, 1995

(3) From which of the following activities a revenue arising does not consider revenue recognition according to Indian Accounting Standard-9 ?
(a) Revenue arising from the sale of goods.
(b) Revenue arising from the rendering of services.
(c) Revenue arising from the construction contracts.
(d) Revenue arising from insurance contracts.

(4) Which of the following is Government Grant ?
(a) Government Subsidy (b) Cash Incentive
(c) Duty Drawback (d) All of the above

(5) Which of the following is the containers retained by customers, if opening balance of containers with customer 10,000 Nos, containers sent to customer 60,000 Nos, containers returned by customer 63,000 Nos & closing balance of containers with customer 6,000 Nos ?
(a) 1,000 Nos (b) 2,000 Nos
(c) 3,000 Nos (d) 4,000 Nos

(6) Which of the following is the closing balance of containers with firm, if opening stock of containers with firm and customer 7,000 Nos, containers purchase during the year 14,000 Nos, containers retained by customer 2,000 Nos, containers scraped 400 Nos, containers destroyed by accident 600 Nos and closing balance of containers with customer 8,000 Nos ?
(a) 10,600 Nos (b) 10,000 Nos
(c) 11,200 Nos (d) 11,000 Nos

(7) Which of the following expenses is not deductible while calculating Managerial Remuneration ?
(a) Loss on sale of machine (b) Depreciation
(c) Bad debt reserve (d) Director Fees

(8) Which of the following expenses is deductible while calculating Managerial Remuneration ?
(a) Bad debt (b) Loss on sale of machine
(c) Salary (d) All of the above

(9) Which of the following item is a non-current liability ?
(a) Long term debt (b) Creditors
(c) Interest accrued but not due (d) Short term provision

(10) Which of the following is good sold on Hire Purchase at Hire Purchase Price, if goods are sold at 20% profit on Hire Purchase price and opening shop stock ₹ 20,000, Purchase ₹ 1,10,000 and closing shop stock is ₹ 30,000 ?
(a) ₹ 1,20,000 (b) ₹ 1,25,000
(c) ₹ 80,000 (d) ₹ 75,000

(11) Which of the following is installment due during the year, if goods are sold at cost plus 20% on hire purchase and opening stock with customer ₹ 21,000, closing stock with customer ₹ 30,000 and cost of goods sold on hire purchase is ₹ 80,000 ?
(a) ₹ 71,000 (b) ₹ 79,000
(c) ₹ 87,000 (d) ₹ 1,05,000

(12) Which of the following items is a short term provision ?
(a) Proposed equity dividend (b) Proposed Preference dividend
(c) Provision for Taxation (d) All of the above

(13) Which of the following is not an advantage of leasing ?
(a) More restrictions
(b) Saving of recurring cost of raising finance
(c) Provide full finance
(d) Tax benefits

(14) Which of the following is a cost of closing installment not due, if goods are sold on hire purchase by adding 50% profit on cost and closing installment not due at Hire Purchase price is ₹ 30,000 ?
(a) ₹ 10,000 (b) ₹ 20,000
(c) ₹ 15,000 (d) None of the above

Seat No. : _______________

# AW-101

**May-2016**

## M.Com, Sem.-II

## 410 EA : Advanced Financial Accounting
## (Old Course)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. શિવ લિમિટેડ અને શક્તિ લિમિટેડના તા. 31-03-2016ના રોજના પાકા સરવૈયા નીચે મુજબ છે : **14**

| જવાબદારીઓ | શિવ લિ. (₹) | શક્તિ લિ. (₹) | મિલકતો | શિવ લિ. (₹) | શક્તિ લિ. (₹) |
|---|---|---|---|---|---|
| શેરમૂડી : | | | જમીન અને મકાન | 20,00,000 | 10,00,000 |
| દરેક ₹ 100નો એક | | | યંત્રો | 19,00,000 | 10,80,000 |
| એવા ઈક્વિટી શેર પૂર્ણ | | | ફર્નીચર | 80,000 | 20,000 |
| ભરપાઈ થયેલ | 40,00,000 | 20,00,000 | રોકાણો : | | |
| નફા-નુકસાન ખાતું | 27,80,000 | 9,40,000 | શક્તિ લિ.ના | | |
| લેણદારો | 8,00,000 | 10,60,000 | 4,000 શેર | 5,00,000 | – |
| | | | શિવ લિ.ના 2,000 શેર | – | 2,40,000 |
| | | | સ્ટોક | 15,00,000 | 9,00,000 |
| | | | દેવાદારો | 12,00,000 | 3,60,000 |
| | | | રોકડ અને બેંક | 4,00,000 | 4,00,000 |
| | **75,80,000** | **40,00,000** | | **75,80,000** | **40,00,000** |

બંને કંપનીઓએ નીચેની શરતોએ સંયોજન કરવાનું નક્કી કર્યું :

(1) શિવ-શક્તિ નામની નવી કંપની સ્થાપવી.

(2) શિવ લિ.ની પાઘડી ₹ 10,00,000 ગણવી અને શક્તિ લિ.ની પાઘડી ₹ 5,00,000 ગણવી.

(3) શિવ-શક્તિ લિ.ના શેરની દાર્શનિક કિંમત ₹ 10 રાખવી

શિવ-શક્તિ લિમિટેડે કેટલા શેર અને કેટલી કિંમતના શેર દરેક કંપનીના શેરહોલ્ડરોને આપવા તે દર્શાવતું પત્રક તૈયાર કરો અને શિવ-શક્તિ લિમિટેડનું પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

1. લવ લિમિટેડ અને કુશ લિમિટેડના તા. 31-03-2016ના રોજના પાકા સરવૈયા નીચે મુજબ છે : **14**

| જવાબદારીઓ | લવ લિ. (₹) | કુશ લિ. (₹) | મિલકતો | લવ લિ. (₹) | કુશ લિ. (₹) |
|---|---|---|---|---|---|
| શેરમૂડી : દરેક ₹ 100નો એક એવા ઈક્વિટી શેર પૂર્ણ ભરપાઈ થયેલ | 30,00,000 | 10,00,000 | કાયમી મિલકતો | 44,60,000 | 4,32,000 |
| | | | રોકાણો : કુશ લિ.ના 2,000 શેર | 3,00,000 | – |
| નફા-નુકસાન ખાતું | 7,80,000 | 52,000 | લવ લિ.ના 6,000 શેર | – | 10,00,000 |
| સામાન્ય અનામત | 24,00,000 | 5,00,000 | સ્ટોક | 9,60,000 | 4,20,000 |
| 12%ના ડિબેન્ચર | – | 6,00,000 | દેવાદારો | 5,80,000 | 3,00,000 |
| લેણદારો | 4,00,000 | 1,80,000 | રોકડ અને બેંક | 2,80,000 | 1,80,000 |
| | **65,80,000** | **23,32,000** | | **65,80,000** | **23,32,000** |

એવું નક્કી કરવામાં આવ્યું કે લવ લિ.એ કુશ લિ.ને પોતાનામાં સમાવી લેવી અને તે અંગે બંને કંપનીઓના શેરની આંતરિક કિંમત ધ્યાનમાં લેવી.

(1) કુશ લિ. એવા કાચા માલની વસ્તુનો વેપાર કરે છે, જેની લવ લિ.ને પોતાના માલના ઉત્પાદનમાં જરૂર રહે છે. લવ લિ.ના સ્ટોકમાં ₹ 2,00,000નો માલ કુશ લિ. પાસેથી ખરીદેલા માલ અંગેનો છે, જેના પર કુશ લિ.એ પડતર કિંમત પર 25% લેખે નફો ચઢાવેલ છે.

(2) લવ લિ.એ આ અંગે કુશ લિ.ને ₹ 80,000 ચુકવવાના બાકી છે.

(3) સમાવેશ પહેલા લવ લિ.એ 8% લેખે ડિવિડંડ જાહેર કર્યું છે.

(4) લવ લિ.એ એમ પણ નક્કી કર્યું કે સમાવેશની નોંધો કરતાં પહેલાં તેના ચોપડે કુશ લિ.ના શેરનું મૂલ્ય ફરી ગણવું.

જરૂરી બધી ગણતરી દર્શાવો અને લવ લિ.નું સમાવેશ પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

2. ધી મીના લિ.એ ધી ધ્રીતી લિ.ની શાસક કંપની છે. નીચે આપેલી માહિતીને આધારે ધી મીના લિ.નું તા. 31-03-2016ના રોજ પૂરા થતા વર્ષ વાર્ષિક હિસાબો સાથે જોડવાનું કંપની ધારાની કલમ 212 મુજબનું પત્રક તૈયાર કરો **14**

(1) તા. 01-04-2013ના રોજ ધી ધ્રીતી લિ.ના ચોપડે કેટલાંક ખાતાંઓની બાકીઓ નીચે મુજબ છે :

| | |
|---|---|
| ઈક્વિટી શેરમૂડી (દરેક ₹ 10નો એક એવા શેર) | ₹ 12,00,000 |
| 15%ના ક્યુ. પ્રેફ. શેરમૂડી (દરેક ₹ 100નો એક એવા શેર) | ₹ 6,00,000 |
| અનામતો | ₹ 9,00,000 |

(2) ધી મીના લિ.એ તા. 01-08-2013ના રોજ ધ્રીતી લિ.ના 72,000 ઈક્વિટી શેર અને 2,400, 15%ના ક્યુ. પ્રેફ. શેર ખરીદ્યા હતા.

(3) આ ઉપરાંત મીના લિ.એ તા. 01-04-2014ના રોજ બીજા વધારાના 18,000 ઈક્વિટી શેર ખરીદ્યા હતા.

(4) ધી ધ્રીતી લિ.એ તા. 01-04-2015ના રોજ અનામતોનો ઉપયોગ કરીને દર 2 ઈક્વિટી શેરદીઠ 1 ઈક્વિટી શેર બોનસ તરીકે બહાર પાડેલ છે.

(5) ધી ધ્રીતી લિ.એ તા. 1-10-2015ના રોજ 3 : 1 હકના શેર બહાર પાડ્યા હતા. જે પૂરા ભરપાઈ થયા હતા.

(6) ધી ધ્રીતી લિ.નો કરવેરા પહેલાનો નફો અને ડિવિડંડની વિગતો નીચે મુજબ છે :

| વર્ષ | નફો (₹) | ડિવિડંડનો દર (%) |
|---|---|---|
| 2013-14 | 27,00,000 | 20 |
| 2014-15 | 28,80,000 | 30 |
| 2015-16 | 36,00,000 | 40 |

(7) નફા પર આવકવેરાનો દર 50% છે.

(8) હકના શેર અંગે ભવિષ્યમાં જાહેર થનાર ડિવિડંડમાં સમયના પ્રમાણમાં અધિકાર અપાયેલ છે.

**અથવા**

2. બીગ લિમિટેડ અને તેની ગૌણ કંપની સ્મોલ લિમિટેડના તા. 31મી માર્ચ 2016ના રોજના પાકા સરવૈયા નીચે મુજબ છે : **14**

| જવાબદારીઓ | બીગ લિ. (₹) | સ્મોલ લિ. (₹) | મિલકતો | બીગ લિ. (₹) | સ્મોલ લિ. (₹) |
|---|---|---|---|---|---|
| શેરમૂડી : | | | પાઘડી | 4,40,000 | 2,60,000 |
| દરેક ₹ 10નો એક એવા | | | જમીન અને મકાન | 7,20,000 | 4,60,000 |
| ઈક્વિટી શેર | 36,00,000 | 18,00,000 | સાંચા અને યંત્રો | 14,40,000 | 6,80,000 |
| દરેક ₹ 100નો એક | | | ફર્નીચર | 5,40,000 | 3,60,000 |
| એવા 10% પ્રેફ. શેર | 7,20,000 | 3,60,000 | રોકાણો | 22,50,000 | 4,40,000 |
